ગાંધીનગર સમાચાર

# માઉન્ટ કાર્મેલ શાળાની સુવર્ણ જયંતીની ઉજવણી







ગાંધીનગર, તા. ૧૬ સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલની તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૯ નાં રોજ સુવર્ણ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની થીમ ‘ડ્રીમ - ડેર - ડિસ્કવર ‘રાખવામાં આવી હતી. આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે અપોસ્ટોલિક કાર્મેલનાં પ્રોવિન્સિયલ એજ્યુકેશન કાઉન્સીલર સિસ્ટર મરીયા ક્રીસ્ટી એ.સી., અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરનાં મ્યુનિસિપલ કમિશનર ડો. રતનકુંવર ગઢવી ચારણ તથા ગુજરાત જેસ્યુઈટનાં પ્રોવિન્સિયલ સુપિરિયર ફાધર દુરાઈ એસ. જે. ઉપસ્થિત રહ્યા હતા.

૫૦ વર્ષની ગાથા દર્શાવતા તથા શાળામાં શિખવેલ મૂલ્યો આધારિત ‘સોવર એન્ડ સીડ’, ‘બેટી દેશ કી આન’, ‘મેલોડિયસ વોઈસ’, ‘ અફવાઓનું આંધણ’, છૂના હે આસમાન’, ‘ધ વર્લ્ડ ઈઝ અવર હોમ’, ‘બ્લેન્ડીંગ ટ્રેડીશન વીથ ટેક્નોલોજી’ જેવા કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા.

મુખ્ય મહેમાન સિસ્ટર મરીયા ક્રીસ્ટી એ.સી. એ પોતાનાં પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું કે પચાસ વર્ષમાં શાળાએ ઝળહળતી પ્રગતિ કરી છે, તેવી જ પ્રગતિ ભવિષ્યમાં પણ કરતા રહે. આ સાથે શાળાનું સોવિનિયર પણ બહાર પાડવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ આચાર્યો, શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાનાં આચાર્યાનાં માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થિઓની અથાગ મહેનતથી સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

## જન્મદિને વધામણી



તનુશ્રીબા અજયસિંહ ડાભી

## ડાયરેક્ટ ❤ સે

એક સુખી જીવન
જીવવા માટે
માણસને સાધુ નહીં
સીધુ
થવાની જરૂર છે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




મનોદિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્યકક્ષાનો સ્પેશિયલ ખેલ મહાકુંભ ચાલી રહ્યો છે, જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૫૩ મનોદિવ્યાંગ ખેલાડીઓ જોડાયા છે. સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાની અત્યાર સુધીની આ સૌથી મોટી ટીમ છે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ટીમ દ્વારા જીત મેળવવાની શરૂઆત થઈ ચૂકી છે. વિજેતા ખેલાડીઓએ વિજયી મુદ્રામાં આ તસવીર મીડિયાને અર્પણ કરી છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી એમ પટેલ કુમારા અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરનાં ભૂલકાઓ માટે વન્ડરલેન્ડના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં બાળકોએ વિવિધ ફન-ઍડવેન્ચર રાઈડ્‌સ, પૌષ્ટિક નાસ્તા અને ડાન્સ ક્લબમાં ડાન્સનો આનંદ માણ્યો હતો.

# જીઆઈપીએસમાં મૅથ્સ ક્વિઝ કૉમ્પિટિશન



ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે શનિવારના રોજ Maths Quiz Competition નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં ધો-૧થી ૯ના વિદ્યાર્થીઓ ભાગ લીધેલ હતો અને બે વિભાગમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક Maths કોયડાઓના ઉકેલ આપેલ હતા. અને આ સ્પર્ધામાં Green House વિજેતા બનેલ હતું. વિજેતા બનેલ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી, પ્રિન્સીપાલ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવેલ હતું.



ગાંધીનગર, તા. ૧૫ સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે યોગ પ્રવચન અને નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લાઈફ મિશનના સ્વામી રાજર્ષિ મુનિ દ્વારા ભારતીય સનાતન સંસ્કૃતિના વરસા સમા યોગ સાધના કાર્યક્રમ વિશે લકુલિશ યોગ યુનિવર્સિટીના આચાર્ય અને સુરતની વાડિયા કૉલેજના સંસ્કૃતના અધ્યાપક રહી ચૂકેલાં વિદૂષીમાનું પ્રવચન આ પ્રસંગે યોજવામાં આવ્યું હતું. શાળા ટ્રસ્ટના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લકુલિશ યોગ યુનિવર્સિટીની બે વિદ્યાર્થિનીઓ દ્વારા યોગનું સુંદર નિદર્શન પણ કરવામાં આવ્યું હતું, જેને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.

સ્વાગત પ્રવચન અને કાર્યક્રમ સંચાલન આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રેરણા વિદ્યાલય ખાતે યોગ પ્રદર્શન-નિદર્શન



ગાંધીનગર, તા. ૧૫ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતે વિદ્યાર્થીઓ માટે યોગ પ્રવચન અને નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાઈફ મિશનના સ્વામી રાજર્ષિ મુનિ દ્વારા ભારતીય સનાતન સંસ્કૃતિના વરસા સમા યોગ સાધના કાર્યક્રમ વિશે લકુલિશ યોગ યુનિવર્સિટીના આચાર્ય અને સુરતની વાડિયા કૉલેજના સંસ્કૃતના અધ્યાપક રહી ચૂકેલાં વિદૂષીમાનું પ્રવચન આ પ્રસંગે યોજવામાં આવ્યું હતું. શાળા ટ્રસ્ટના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત મહિપતસિંહ જાડેજા, ડુંગરસિંહ સોલંકી, જે એલ રાણા, નટુભા જાડેજાનું શાળા પરિવાર વતી સ્વાગત કર્યું હતું.

લકુલિશ યોગ યુનિવર્સિટીની બે વિદ્યાર્થિનીઓ દ્વારા યોગનું સુંદર નિદર્શન પણ કરવામાં આવ્યું હતું, જેને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.

સ્વાગત પ્રવચન અને કાર્યક્રમ સંચાલન આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આધાર ઍપનું નવું વર્ઝન લૉન્ચ કાર્ડ ગૂમ થતા નવું ઘરે આવી જશે

ગાંધીનગર, તા. ૧૫ યૂનિક આઈડેન્ટિફિકેશન ઓથૉરિટીનાં આધાર એપનું નવું વર્ઝન લૉન્ચ કરી છે. આ નવી એપનું નામ એમઆધાર છે. જેને એન્ડ્રૉયડ કે આઈઓએસ યૂઝર્સ સહેલાઈથી ડાઉનલોડ કરી શકશે. તે એપ્પલની એપ અને એન્ડ્રોઈડનાં પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. આપ આ એપ્લિકેશનની મદદથી સહેલાઈથી આધારને રિપ્રિન્ટની રિક્વેસ્ટ મોકલી શકો છો. આધાર રિપ્રિન્ટ માટે આપે ૫૦ રૂપિયા સર્વિસ ચાર્જ રૂપે આપવો પડશે. આપનાં દ્વારા રિક્વેસ્ટ કરવા પર ૧૫ દિવસની અંદર જ તેની ડિલીવરી કરી દેવામાં આવશે. આ દરમિયાન આપે તે વાતનું ધ્યાન રાખવાનું છે કે, નવો પ્રિન્ટેડ આધાર રજિસ્ટર્ડ એડ્રેસ પર જ મોકલવામાં આવશે.

નવી આધાર એપનો ઉપયોગમાં પહેલાં કરતાં વધુ સરળ અને સુગમ છે. આ નવી એપમાં ઑફલાઈન કેવાયસી, કયુઆર કોડ સ્કેન્, રિપ્રિન્ટનો ઓર્ડર કરવો, એડ્રેસ અપડેટ કરવું, આધાર વેરિફાઈ કરાવવું, ઈમેલ વેરિફાઈ કરાવવું, યૂઆઈડી રિટ્રીવની રિક્વેસ્ટ જેવાં સહેલાં કામ કરી શકાય છે.

# મે આઈ હૅલ્પ યુ ? એક સ્પષ્ટ ને સફળ કાર્યક્રમ



## ગંભીર સામાજિક સમસ્યા અંગે જનચેતના જગાવવાની શોધન ફાઉન્ડેશન, ગાંધીનગરની આગવી-ઉમદા પહેલ



ટહુકાર

પ્રકાશ લાલા

મે આઈ હૅલ્પ યુ ? હું મદદ કરી શકું ?

આત્મહત્યા કરવા નીકળેલી વ્યક્તિને જો આટલું જ કહેવામાં આવે તો એને આપઘાત કરતાં રોકી શકાય છે. શું મને દસ મિનીટ આપી શકશો ? એટલું પૂછીને, એની સાથે વાત કરવાનો પ્રયત્ન કરાય તો પણ એને આત્મહત્યાના માર્ગેથી પાછી વાળી શકાય છે.... કોઈ તરૂણ, યુવાન વારંવાર એમ કહ્યા કરતો હોય કે મને જીવનમાં શાંતિ નથી... હું જન્મ્યો છું શું કામ ?... જિંદગીમાં મજા નથી...તો આ વાતને હળવાશથી ન લેવી. વારંવારના એના આ વિચારો, એની નકારાત્મકતા તેને આત્મહત્યા તરફ પણ દોરી જઈ શકે છે. એટલે એ તરફ ગંભીર થઈ એ તરૂણ-યુવાન સાથે વાત કરવી જોઈએ. કેમ એવું લાગે છે ? તેનાં કારણો જાણવાં-વાતચીત દ્વારા એના હૈયાને હળવું કરવું, મનના તણાવને દૂર કરવો, એની સામે સાવ ગરીબ, માતાપિતા વિનાની કે અકસ્માતમાં હાથ-પગ ગુમાવી દેનારી અથવા તો ભણવામાં સામાન્ય રહેલી વ્યક્તિઓ પણ કેટલી આગળ વધી છે તેનાં રોલ મૉડલ્સની વાતો કરીને એ તરૂણ-યુવાનને પ્રેરણા આપી શકાય. એથી નિરાશા-હતાશામાંથી બહાર લાવી શકાય ને પરિણામે એને આત્મહત્યાના વિચારોમાંથી છોડાવી શકાય છે. આપઘાત કરનાર વ્યક્તિ આત્મહત્યા પૂર્વે વીસ વાર એના પ્રયત્નો કરી ચૂકી હોય છે એટલે પરિવારજનોએ, મિત્રોએ આ અંગે સજાગ રહેવું જોઈએ... સમાજની આજની એક ગંભીર સમસ્યા આત્મહત્યાનાં કારણો ને ઉપાયો વિશેની આવી આવી કંઈ કેટલીય અભ્યાસપૂર્ણ વાતો અને એ જ મુદ્દાઓને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી વધુ અસરકારક રીતે જનસમુદાય સુધી પહોંચાડવાનો એક નાટ્યપ્રયોગ એટલે જ શોધન ફાઉન્ડેશન પ્રસ્તુત કાર્યક્રમ મે આઈ હેલ્પ યુ ?

જરૂરિયાતવાળાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોના ઉત્કર્ષ થકી સમાજ ઉત્કર્ષના ધ્યેય સાથે ગાંધીનગરમાં કાર્યરત શોધન ફાઉન્ડેશન તા. ૧૩મી ડિસેમ્બરે રાત્રે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે સમાજની એક ગંભીર સમસ્યા આત્મહત્યાનાં કારણો, તે અંગે પ્રવર્તતી માન્યતાઓ, વિશ્વ-દેશ અને ગુજરાતમાં એનું પ્રમાણ, તેના નિવારણ માટેના ઉપાયો વિશે વિશદ માહિતી-માર્ગદર્શન એટલે કે ૩૦ દિવસનું ઓરિએન્ટેશન, પછી એ જ મુદ્દાઓની નાટક જેવા સબળ માધ્યમ દ્વારા મનોરંજક અને ચિંતનશૈલીમાં ૬૦ મિનીટની નાટ્યાત્મક રજૂઆત અને અંતે પ્રેક્ષકો પર વાતો ને નાટકની અસર, ફિડબૅક એમ ત્રિવિધ પ્રસ્તુતિનો એક અલગ જ પ્રકારનો ડિઝાઈન કરેલો કાર્યક્રમ લઈને આવ્યું હતું.

ફાઉન્ડેશનના પ્રમુખ પ્રશાંત ત્રિવેદીએ ઓરિએન્ટેશનની ૩૦ મિનીટમાં તેમની આગવી સાહજિક ને પ્રવાહી, રસપ્રદ શૈલીમાં વિશ્વમાં દર ૪૦ સૅકન્ડે એક વ્યક્તિ આત્મહત્યા કરે છે, મૃત્યુનાં પ્રમુખ કારણોમાં અકસ્માત પછી એક કારણ આત્મહત્યા છે, યુવાનોમાં થતાં મૃત્યુમાં આપઘાત એ બીજું સૌથી મોટું કારણ છે, આત્મહત્યા માટેનાં કારણો - સામાજિક, આર્થિક, શારીરિક અને સ્યુસાઈડલ ટેન્ડન્સી વિશે સમાજમાં પ્રવર્તતી ખોટી માન્યતાઓ વગેરે મુદ્દાઓ વિશે અતિ અભ્યાસપૂર્ણ અને આંકડાઓ તેમ જ વિશ્વનાં સંશોધકો, પ્રસિદ્ધ ચિંતકો, લેખકોનાં તારણો-વિધાનોને ટાંકીને એવી ચોંકાવનારી, તલસ્પર્શી, ચિંતાજનક અને મનનીય માહિતી આપી હતી કે હૉલમાં ઉપસ્થિત સૌ પ્રેક્ષકોને એ સ્પર્શી ગઈ.

પછીના દોરમાં રજૂ થયેલું ભાઈ પ્રશાંત ત્રિવેદી લિખિત અને મહેન્દ્ર પ્રજાપતિ-વિરલ રાવલ (હિંમતનગર) દિગ્દર્શિત નાટક ‘મે આઈ હેલ્પ યુ ?’ ચોટદાર પ્રસંગો, પોઝિટિવ-નેગેટિવ કૅરેક્ટર્સના નિર્માણ, ક્યાંક મનોરંજક ઘટનામાં, દિલમાં દર્દ જગાવી જાય તેવા કરૂણ સંવાદો, શેડો પ્લે ટેકનિક ને પ્રત્યેક કલાકારોનો ધારધાર-જોરદાર-પાત્રોચિત અભિનય ન કેવળ નાટકને જીવાડી ગયું પણ એનો મેસેજ ખૂબ જ સબળ રીતે પ્રેક્ષકોનો દિલોદિમાગ સુધી પહોંચાડવામાં સફળ રહ્યું...

નાટકની સ્ક્રીપ્ટ તથા સુંદર-અર્થપૂર્ણ ટાઈટલ સોંગના લેખન માટે શ્રી પ્રશાંત ત્રિવેદી, ઈફેક્ટીવ લાઈટીંગ્સ માટે મહેન્દ્ર પ્રજાપતિ, નાટકના પ્રત્યેક પ્રસંગને બહુ અસરકારક બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર સંગીત માટે જૈમિન ત્રિવેદી તેમજ ‘કયારે તો ‘કયારેક તો તરડાઈ તૂટવાનો છે, દિલેર, પણ આજે તો નહીં, .... શ્વાસ સમય પણ ખૂટવાનો છે દિલેર પણ આજે તો નહીં’ એ ટાઈટલ સોંગને કંઠ આપનાર નિધિ પંચાલ - જયમીન ત્રિવેદી, તથા દિલેરના પાત્રમાં નગરના નીવડેલા કલાકાર દિવ્યકાંત વર્મા, રક્ષાના પાત્રમાં બહેન શિવાની મોઢ, પિતાના પાત્રમાં ભાઈ વિરલ રાવલ તથા માતા તરીકે કરિશ્મા પાટડિયા, ઉપરાંત ચાર્મિ હરડે (પ્રેમિકા), સંકેત પવાર (મદન) તથા કરણ રાજવીર (રુદ્ર)નું પાત્ર ભજવતા સહિત અન્ય તમામ કલાકારોને સુંદર તેમના પરફોર્મન્સ બદલ અભિનંદન... એક સોશિયલ નોબેલ કોઝ માટે, સમાજની ચિંતાજનક સમસ્યા સામે લાલબત્તી ધરી, એ પ્રતિ પ્રબળ લોકજાગૃતિ ઊભી કરવાના ‘શોધન ફાઉન્ડેશન’ના કાર્યમાં જોડાનાર નાટકની આ યુવા ટીમને સલામ છે.

અંતિમ તબક્કામાં ૧૪ થી ૨૫ તેમ જ ઉપરની વયજૂથના પ્રેક્ષકોમાંથી પણ ઓરિએન્ટેશન તેમજ નાટકની અસરકારકતા વિશે અને ભાઈ પ્રશાંત ત્રિવેદી અને પાર્થ ઠક્કરના ‘શોધન ફાઉન્ડેશન’ના માધ્યમથી આ સરસ અને સફળ પ્રયાસને ભરપેટ બિરદાવાયો હતો... કાર્યક્રમને અંતે પ્રેક્ષકો પાસે લેવડાવાયેલી પ્રતિજ્ઞા કે હું કોઈ દિવસ આત્મહત્યાનો વિચાર કરીશ નહીં, આવી વ્યક્તિઓને સમજ આપીશ, સમજાવીશ... અને આ મારી જાત સાથેનું મારું પ્રોમિસ છે પણ સમગ્ર કાર્યક્રમ પાછળની આયોજકોની ગંભીરતા ને પ્રતિબદ્ધતાના દર્શન કરાવી ગઈ.

‘શોધન ફાઉન્ડેશન’નું ધ્યેય છે ‘May I Halp ?’ ના ૫૦૦ પ્રયોગો દ્વારા એક લાખ લોકો સુધી આ સંદેશો પહોંચાડવાનો છે...

ત્યારે જાગૃત - પ્રબૃદ્ધ નાગરિકો, સંસ્થાઓ ને સરકાર તરફથી ફાઉન્ડેશનની આ ઉમદા - નવતર પહેલ - અભિગમને ઉપાડી લેવાય - પૂરો સાથ- સહકાર સાંપડે એ જરૂરી છે.